સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ અને વિકસતી જાતિ અને વિચરતી જાતિઓ માટેના ૧૨ (બાર) સમરસ છાત્રાલયોના વહીવટ માટે મહેકમ તથા અન્ય ખર્ચ અંગેની વર્ષ ૨૦૧૬-૧૭ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસમછા/૧૦૧૫/૮૫૨૧૪૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૫/૬/૨૦૧૬

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૪/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ-૧-૧-૨૦૧૫-૧૬-૮૫૩૯-૪૦.

<u>ઠ રા વઃ-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા એસ.સી./ એસ.ટી. અને વિકસતી જાતિના વિધાર્થીઓ માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર એમ પાંચ યુનિવર્સિટીના દરેક સ્થળે ૧૦૦૦ વિધાર્થી અને ૧૦૦૦ વિધાર્થીનીઓ માટે એમ કુલ ૨૦૦૦ ની ક્ષમતાવાળા છાત્રાલયો તથા આણંદ ખાતે ૨૫૦ વિધાર્થી અને ૨૫૦ વિધાર્થીનીઓ મળી કુલ ૫૦૦ એમ સમગ્ર કુલ ૧૦૫૦૦ વિધાર્થીઓ /વિધાર્થીનીઓને રહેવા- જમવા તથા અન્ય વહીવટી કર્મચારીઓ તેમજ અન્ય સુવિધાઓ ઉભી કરવાની જરૂરીયાત છે. ઉકત જરૂરીયાત માટે કુલ રૂ.૨૨૭૬.૮૬ લાખની નવી બાબતની વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજ પત્રમાં સમાવેશ કરવા માટે વંચાણે લીધાં ક્રમ (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના તા:૪/૧૨/૨૦૧૫નો પત્રથી દરખાસ્ત કરેલ હતી..

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગે ત્રણેય ખાતાના અધિકારીઓ/ કર્મચારી માટેના મહેકમ માટે નીચે મુજબનું મહેકમ મંજુર કરવા માટેની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(૧) ૨૦૦૦ ની સંખ્યા ધરાવતા કુલ પાંચ છાત્રાલયો માટે (આણંદ સિવાય)

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | પગાર ધોરણ (ગ્રેડ પે) | છાત્રાલય ની સંખ્યા | છાત્રાલય દીઠ જગ્યાની સંખ્યા | કુલ જગ્યા | રીમાર્કસ | નાણા વિભાગની મંજુરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | કુમાર માટે | કન્યા માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રે.પે. ૪૬૦૦) | ૧૦ | ૩ | ૩૦ | અનુ.જાતિ, આદિજાતિ અને વિકસતી જાતિ એમ ત્રણેય ખાતાની દરેક સંવર્ગની એક એક જગ્યા | ૫ | ૫ | ૧૦ |
| ૨ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૩ | ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રે.પે. ૪૨૦૦) | ૧૦ | ૩ | ૩૦ | | ૫ | ૫ | ૧૦ |
| ૩ | જુનીયર કલાર્ક | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રે.પે. ૧૯૦૦) | ૧૦ | ૩ | ૩૦ | | ૫ | ૫ | ૧૦ |
| ૪ | પટાવાળા | ૪ | ૪૪૪૦-૭૪૪૦ (ગ્રે.પે. ૧૩૦૦) | ૧૦ | ૩ | ૩૦ | | - | - | - |
| | | | સરવાળો | ૧૦ | ૧૨ | ૧૨૦ | | ૧૫ | ૧૫ | ૩૦ |

(૨) ૫૦૦ ની સંખ્યા ધરાવતા કુલ ૧ (એક) છાત્રાલય માટે (આણંદ માટે)

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | પગાર ધોરણ (ગ્રેડ પે) | છાત્રાલય ની સંખ્યા | છાત્રાલય દીઠ જગ્યાની સંખ્યા | કુલ જગ્યા | રીમાર્કસ | નાણા વિભાગની મંજુરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | કુમાર માટે | કન્યા માટે | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રે.પે. ૪૬૦૦) | ૨ | ૧ | ૨ | અનુ.જાતિ, આદિજાતિ અને વિકસતી જાતિ એમ ત્રણેય | - | - | - |
| ૨ | મદદનીશ સમાજ | ૩ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૨ | ૧ | ૨ | | ૧ | ૧ | ૨ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કલ્યાણ અધિકારી | | (ગ્રે.પે. ૪૨૦૦) | | | | ખાતાની દરેક સંવર્ગની એક એક જગ્યા | | | |
| ૩ | જુનીયર કલાર્ક | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રે.પે. ૧૯૦૦) | ૨ | ૧ | ૨ | | ૧ | ૧ | ૨ |
| ૪ | પટાવાળા | ૪ | ૪૪૪૦-૭૪૪૦ (ગ્રે.પે. ૧૩૦૦) | ૨ | ૧ | ૨ | | - | - | - |
| | | | સરવાળો | ૨ | ૪ | ૮ | | ૦૨ | ૦૨ | ૦૪ |
| | | | | | | | કુલ ૧ + ૨ | ૧૭ | ૧૭ | ૩૪ |

૬ (છ) સ્થળોએ ૧૨ (બાર) સમરસ છાત્રાલયો શરૂ કરવા માટે કુલ ૧૦૫૦૦ વિદ્યાર્થીઓના ત્રણેય ખાતા દ્વારા ત્રીજા ભાગન ૩૩ ટકા મુજબ ૩૫૦૦ વિદ્યાર્થીઓ માટે રહેવા જમવાના ભોજનબીલ વીજળી બિલ સફાઇઅ કામ, ગાર્ડનીંગ અને અન્ય ખર્ચ માટે એક વિદ્યાર્થી દીઠ રૂ. ૬૦,૦૦૦/- લેખે રૂ. ૨૧૦૦.૦૦ લાખ મુજબ ત્રણેય ખાતા માટે કરવામાં આવેલ કુલ ૬૩૦૦.૦૦ લાખની જોગવાઇને અને ઉપરના પત્રક(૧) ની વિગતે ક્રમ (૧) થી(૩) તથા પત્રક (૨) ની વિગતે ક્રમ (૨) થી (૩) સામે દશાવેલ વર્ગ-૨ થી૩ની કુલ ૩૪ (ચોત્રીસ) જગ્યાઓ તેની સામે દર્શાવેલ પગારધોરણમાં ઉભી કરવાની અને જે અંવયે ખાતાદીઠ કરવામાં આવેલ રૂ.૧૭૬.૮૬ લાખ લેખે ત્રણેય ખાતાના કુલ રૂ. ૫૩૦.૫૮ લાખ મળી ખાતાદીઠ કુલ રૂ. ૨૨૭૬.૮૬ લાખ (૨૧૦૦.૦૦+૧૭૬.૮૬) મુજબ ત્રણેય ખાતાની કુલ રૂ. ૬૮૩૦.૪૮ લાખની જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

જયારે પત્રક (૧) તથ (૨) અને ક્રમ(૪) સામે દર્શાવેલ પટાવાળાની ૩૨ (બત્રીસ) જગ્યાઓ ઉભી ન કરતા આ જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૪-૨૦૧૦ન ઠરાવ અન્વયે આઉટસોર્સથી કરાવવાની રહેશે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.
(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો /પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજુરી અંવયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરંડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોમાં ઠરાવેલ રેશીયોની જોગવાઇ મુજબા ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાઓની રહેશ.

(૮) રાજય સરકાર દ્વારા વખોતવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૯) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના ત. ૧૬-૨-૨૦૦૬ અને સામાન્ય વહીવટી વિભાગના તા. ૪-૬-૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાંવખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૦)સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક- નપન-૨૦૦૩-જીઓઆઇ- ૧૦(પા.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧-૪-૨૦૦૫ થે દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેંશન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાને રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કએલ/ લાયકાત ધરાવાતા હોવા જોઇએ.

(૧૪) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૫) સરકારશ્રીની પ્રર્વતમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયંસ & ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓમનું ચૂસ્ત્પણે પાલન કરવાનું રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર-૨૨૨૫,અનુસૂચિતજાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૧૭) બીસીકે-૨૪ અનુ.જાતિ પેટા યોજના સરકારી છાત્રાલયોની સ્થાપના અને છોકરા અને છોકરી માટેના સરકારી સમરસ છાત્રાલયોના વિકાસ અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૪-૬-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિક્ષીત જોષી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન.મંત્રીશ્રી( આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
રાજય કક્ષાના માન.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર
સર્વે જિલ્લા અધિકારીશ્રીઓ,ની કચેરી, (કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, મારફત)
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ નિયામકશ્રીઓ,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે નાયબ નિયામકશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વે નાયબ વિકસતીશ્રીઓ,વિકસતી જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, વિકસતી જાતિ મારફત)
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, અજાક મારફત)
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા અને અધિ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ-ગ